ટપુંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૪
અંક : ૯

## એન્ટરપ્રિન્યોર મોડલ

સૌરાષ્ટ્રના દરિયા કીનારા પર વસવાટ કરતા લોકોનો વ્યવસાય મત્સ્યોદ્યોગ ઉપરાંત ખેતી અને પશુપાલન મુખ્ય છે. આ વિસ્તારના ખારાપાણી અને હવામાનને લઈ ખેડૂતો માત્ર ચોમાસા દરમ્યાન બાજરો, જુવાર કે અન્ય ઘાંસચારા પુરતુ વાવેતર કરતા પરંતુ ધીરે ધીરે તેઓ ખેતીસુધારણાના અવનવા પ્રયોગોના આધારે કપાસ મગફળીના વાવેતર શરુ કર્યા પણ તેમાં અન્ય વિસ્તારોમાં થતા ઉત્પાદનની સરખામણીએ ખાસ ઉત્પાદન મેળવી શકતા નથી.સિંચાઈના અભાવે અનિયમિત અને અપુરતા વરસાદ સામે પોતાની મહેનત પ્રમાણે પાક લઈ શકતા નથી.

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રએ કોસ્ટલ સેલીનીટી સેલના સહયોગથી જાફરાબાદ, સુત્રાપાડા અને વેરાવળ તાલુકામાં ખેડૂતો સાથે બેઠકો કરી તેની જરુરીયાતને ધ્યાનમાં લઈ રસ ધરાવતા ખેડૂતોની તાલીમો યોજવામાં આવી. દરેક તાલુકાના સરેરાશ પચાસેક જેટલા ખેડૂતોની જમીનના માટીના નમુના તથા તેમના ભૂગર્ભજળના નમૂનાઓ લઈ તેની ચકાસણી કરાવી. પરિક્ષણોના પરિણામો પર વૈજ્ઞાનિકોએ કરેલ સલાહ સૂચનો અનુસાર ઉપાય યોજવા ખેડૂતોએ અને સંસ્થાના ખેતીવાડી અધિકારી તથા ક્ષેત્રીય સ્વયંસેવકો સાથે રહી પ્રયાસો હાથ ધર્યા. દરેક તાલુકામાં દસ દસ ખેડૂતોએ વિવિધ પાકો પર નિદર્શન કર્યા. સંસ્થાના નિષ્ણાંતો તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકોના માર્ગદર્શન મેળવતા રહયા પરંતુ આ વર્ષ પ્રારંભથી વરસાદની અછત રહી પરિણામે નિદર્શનો પર તેની અસર થઈ.

જે ખેડૂતો પાણીની પુરતી વ્યવસ્થા ધરાવતા હતા તેઓએ સમયાંતરે પિયત કરી પાકોનું રક્ષણ કર્યુ પણ ભૂગર્ભમાં પાણી ઓછુ હતુ અથવા ખારુ હતુ તેને માટે તે શકય બને તેમ ન હતુ. ભુગર્ભજળનું વ્યવસ્થાપન ખારાશવાળા વિસ્તારમાં લાગું પડતો મુળભુત મુદો છે. આ વિસ્તારમાં ભુર્ગભજળ પર વ્યવસ્થિત રીતે ધ્યાન આપવામાં આવે તો ચોકકસ પણે ખારાશની માત્રામાં ઘટાડો કરી શકાય છે. તે અંગે સતત સંવાદ ચાલ્યા જેમાં સૂક્ષ્મ પિયતથી આ સમસ્યામાં રાહત થઈ શકે તેમ સમજાયુ અને તે અંગે કોસ્ટલ સેલીનીટી સેલ તથા સંસ્થા સાથે

*ઉંમરથી વૃધ્ધ તેવૃધ્ધ નથી, વિકાસ માટે આળસ કરેં તે વૃધ્ધ છે.*

ખેડૂતોએ ચર્ચા કરી.
સુક્ષ્મ પિયત પધ્ધતિ અત્યાર સુધી ખેડૂતો અપનાવવામાં જે બાબતોને લઈ ઉદાસીન હતા તે સંસ્થાના કાર્યકરોની મુલાકાતથી સ્પષ્ટ થઈ. ભુગર્ભજળનું સંતુલન તેને કારણે મીઠા પાણીનું સ્તર ઉચું આવે અને ખારાશની માત્રા ઘટવાની બાબત સમજમાં આવી આ ઉપરાંત ખારા પાણીને ખેતરમાં હાલની પધ્ધતિથી છોડવાથી ફળદ્રુપતાને પણ અસર થાય છે માટી છુટી પાડવા વધુ જીપ્સમની જરુર રહે છે.
સુક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવવાથી તેમાં ઘણો ફેર પાડી શકાય છે તે બાબત પ્રતિપાદિત થઈ પણ દરિયાકાંઠાના આ પ્રશ્નોને ધ્યાનમાં રાખી આ વિસ્તારના સ્થાનિક, જાણકાર, ઉત્સાહી, વ્યવસાય કરવામાં રુચિ ધરાવતા અને સ્થાનિક ખેડૂતોના નિયમિત સંપર્કમાં રહેતા કોઈ વ્યકિત આ પ્રકારના વ્યવસાયમાં રસ લઈને આગળ વધે તે માટે ખેડૂતોના આગ્રહને ધ્યાનમાં રાખી ચર્ચા શરુ કરી તો તેમાં માઈક્રો ઈરીગેશન સીસ્ટમ (એમઆઈએસ) ઉત્પાદન અને વેચાણ કરતી કંપનીઓ અને ઉપર જણાવ્યા મુજબના સ્થાનિક કક્ષાએ રસ લઈ રહેલા એન્ટરપ્રિનીયોરના જોડાણ અને તેમના વેચાણ કેન્દ્રની સ્થાપના કરવા કાર્યવાહી હાથ ધરાઈ જેમાં રાજુલા–જાફરાબાદ માટે એન્ઠરપ્રિનિયોર મોડેલ સ્થાપિત કરવા કોસ્ટલ સેલીનીટી સેલનો સહયોગ પ્રાપ્ત થતા.

**કયારેક માનવી પર આવતી આપતિ જ એની તાકાત બની જતી હોય છે.**

નિહાળી છે કાચબાની છાલ? એ એવી મજબુત હોય છે કે તલવારના તીક્ષ્ણ ઘા પણ એને ભેદી છેદી શકે નહીં. કાચબાની સુરક્ષામાં એ ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. પરંતુ આમ છતાં એક હકીકત એ છે કે, કાચબો જો હરહંમેશા ઢાલ નીચે જ છુપાયેલો રહે તો એ જરાય ગતિ પ્રગતિ કરી ન શકે. કાચબાએ જો પ્રગતિ કરવી જ હોય તો ઢાલરૂપી સુરક્ષા કવચની બહાર એને આવવું જ જોઈએ. અલબત એ સાવધાની જરૂર રાખી શકે. પરંતુ મુસીબતોથી ડરીને કાયમ માટે ઢાલની અંદર જ પુરાયેલો રહી શકે તો તે એ પ્રગતિથી જ વંચિત રહી જાય.
જેવી વાત કાચબાની છે એવી જ વાત માનવીની પણ છે. એને પણ કેવળ સુરક્ષા પર જ લક્ષ્ય ન રાખવું જોઈએ. પરંતુ પ્રગતિ પર લક્ષ્ય રાખવું જોઈએ અલબત સંભવિત જોખમો સામે એ સાવધ જરૂર રહી શકે પરંતુ એનાથી ડરીને કાયમ માટે, સુરક્ષાનું શરણ જ સ્વીકાર્યા કરે તો એ પણ ખાસ પ્રગતિ ન કરી શકે.
અને એક મહત્વની વાત કંઈ કેટલીય વાર એવું પણ બને છે કે, આજે પડેલ મુસીબતો કદાચ થોડી શકિત છિનવી લે છે એમ પડકારજનક સ્થિતિ ખડી કરીને ભીતરની સુષુપ્ત શકિતઓની ભીતીથી સુરક્ષાનું જ શરણ લેવાની વૃતિ જાગતી હોય ત્યારે આ વાત ખાસ યાદ રાખવા જેવી છે.

***(સંકલન: પરમાર આશા)***

***જે પત્નિ પતિ નું અપમાન કરે છે તેને ધિકકારે છે તેને નરકમાં પણ સ્થાન મળતું નથી.***

## સંકલ્પ વગર શકિત નકામી

સંકલ્પ સરળતાની જનની કેહવામાં આવે છે. આ ઈચ્છા શકિતનું જ રૂપ છે. ઈચ્છા આકાંક્ષા જ દ્રઢ બનીને વ્યકિતને કર્મ માર્ગ પર આગળ વધારે છે અને પ્રેરિત કરે છે. વરાળથી ચાલતી રેલગાડીને પાટા પર દોડવવા માટે વરાળ જરૂરી છે જો કે તેની સાથે ડ્રાઈવરની ઈચ્છા/આકાંક્ષા અને નિયંત્રણ પણ જરૂરી છે. ડ્રાઈવરની કુશળતા અને હોશિયારીને ઈચ્છા શકિતનું પ્રતિરૂપ કહીએ તો એકલી રેલગાડી અને ડ્રાઈવર નું હોવું જ પુરતું નથી. તેના માટે પૈડાને ગતિ આપનાર વરાળથી પેદા કરેલી શકિત પણ હોવી જરૂરી છે.

સંકલ્પની સાથે શકિતને જોડવી એ પણ એક કળા છે. અને તેમાં બહું થોડા લોકો માનસશાસ્ત્રના સિધ્ધાંત વાંચી વાચીને એવો વિશ્વાસ કરવા લાગે છે કે અમે જે કાંઈ ઈચ્છીએ છીએ તે હાર્દિક આકાંક્ષા કરવાથી એમને આપ મેળે જ મળી જશે. પરંતુ વાસ્તવિકતા એવી નથી હોતી. ઈચ્છા આકાંક્ષા સાથે પ્રયત્નો જોડાયા હોય તેટલી જ ઈચ્છાઓ પૂર્ણ થાય છે. અહીં શકિતનો અર્થ ઉદ્દેશ્ય પ્રત્યે દ્રઢ નિષ્ઠા અને પૂર્ણ કરવા માટે જરૂરી પ્રયત્ન કઠણાઈઓ સાથે લડવાનું મનોબળ તથા સાહસ છે. તેના વિના સંકલ્પ કયારેય પણ પૂર્ણ નથી બનતા શકિતમાં નથી પરિણમતા. શકિત સંકલ્પને પરિણામમાં ફેરવી નાખે છે. શકિત પણ એક સાધન છે. પોતાની આકાંક્ષાઓ પૂરી કરવાનો ઉત્સાહ તે સાધનનું નામ છે. કયારેય ઠંડો ન પડનાર ઉત્સાહ જ સાધકને લક્ષ્ય સુધી પહોંચાડે છે. પાણીને વરાળ બનાવવા માટે ૨૬૨ ડીગ્રી ફેરનહીટ જેટલી ગરમી જરૂરી છે. તેથી ઓછામાં વરાળ ન બને. ૨૦૦ થી ૨૧૦ ડીગ્રી સુધી પાણી ગરમ તો થશે પણ વરાળ નહીં બને. આ જેમ નિશ્ચિત છે તેમ ઉત્સાહનો પણ એક ઉચ્ચસ્તર જરૂરી છે. તે સ્તર સુધી પહોંચતા પહેલા અસફળ થવાની જ શકયતાઓ વધારે હોય છે. ઉત્સાહના એ સ્તરના વધારા માટે શું કરવું જોઈએ? અને એ સ્તરના વધારાનો માપદંડ શું છે? લક્ષ્ય પ્રત્યે ઈમાનદારી, ભવિષ્ય પ્રત્યે આશાવાદી દ્રષ્ટિકોણ અને માર્ગમાં આવનારી બધી મુશ્કેલીઓ સાથે લડવાનું સાહસ ટૂંકમાં ઉદ્યમ, આશા અને સાહસની ત્રિવેણી આ ત્રણ પ્રાથમિક આવશ્યકતાઓ છે. તેના આધાર પર પોતાના ઉત્સાહને પારખી શકાય છે.

ટૂંકમાં કહેવાનો સાર એટલો જ છે કે સફળતા મેળવવા માટે દ્રઢ સંકલ્પની સાથોસાથ ઉદ્યમ, આશા, સાહસ હોવું જરૂરી જ નહીં પરંતુ અનિવાર્ય છે. તે સિવાય તો શેખચલ્લીની જેમ કલ્પનાના મહેલમાં જ રાચવું પડે છે.

**(સંકલનઃ સોજીત્રા હર્ષદ એમ)**

**જુનું તે સોનું નવું નવ દિવસ.**

## સહભાગી ભુગર્ભજળ વ્યવસ્થાપન

ભુગર્ભજળ સ્ત્રોતએ માનવજીવનની પાણીની જરૂરીયાત સંતોષવા માટેનો સૌથી સારો અને લાંબા ગાળાનો સ્ત્રોત છે. પરંતુ આજકાલ તેના થઈ રહેલા બેફામ ઉપયોગને જોતાં ભવિષ્યમાં આ સ્ત્રોત આપણી પીવાના પાણીની જરૂરીયાત સંતોષશે કે નહી તે બાબતે પ્રશ્નો ઉભા થાય છે. અને સાથે સાથે ખેતી પ્રધાન ભારત દેશનાં ખેતી જેવા મહત્વના ઉધોગની કમર તુટી જાય તેવો ભય પણ રહેલો છે. આથી યોગ્ય સમયે આવા સ્ત્રોતને સાચવીને તેનું વ્યવસ્થાપન કરવું ખુબ જ જરૂરી છે. આ પરીસ્થિતિ આવનારા સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરે એ હેતુથી સમગ્ર દેશ સ્તરે સહભાગીદારી દ્વારા ભુગર્ભજળ વ્યવસ્થાપન માટેનો Participatory Ground Water Management (PGWM) કાર્યક્રમને અમલી બનાવવામાં આવ્યો છે. દેશના દરેક ઝોનમાં આ કાર્યક્રમને ૫ વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવ્યો છે. PGWM કાર્યક્રમ અંતર્ગત ભુગર્ભજળ વ્યવસ્થાપન માટેની અઠવાડીક તાલીમ તા. ૨૭ ઓગષ્ટ થી તા.૧ સપ્ટેમ્બર દરમિયાન ARID (ACT) Arghym-Banglore **અને** CSPC જેવી સંસ્થાઓના સંયુકતપણે યોજાઈ હતી. જેમાં સંસ્થાના કાર્યકર્તા સાજીત રાઠોડે સંસ્થાનું પ્રતિનિધિત્વ કર્યુ હતુ. જેમાં તાલીમમાં ભુગર્ભજળ વ્યવસ્થાપન વિશે સવિસ્તર માહીતી આપીને તેનું મહત્વ તથા તેના ફાયદાઓ વિશે જણાવવામાં આવ્યુ હતુ.

PGWM તાલીમ દરમિયાન ભુગર્ભજળ સમસ્યાને નિવારવાના ઉપાયો, એકવીફર ઓળખ, વિવિધ પ્રકારના પથ્થરોની ઓળખ જેવી બાબતો વિશે ચર્ચા કરવામાં આવી હતી. તાલીમ કાર્યક્રમ દ્વારા કેપીસીટી બિલ્ડીંગ, PGWM રીસર્ચ અને ડેમોન્સ્ટ્રેશન, એડવોકેસીથી કાયદાકીય માન્યતા પ્રાપ્ત કરવી. લોકોમાં ભુગર્ભજળ વ્યવસ્થાપનની જાગૃતિ લાવવી વગેરે જેવા હેતુઓને આવરી લેવામાં આવ્યા હતા. આ તાલીમ કાર્યક્રમ દરમિયાન ભુગર્ભજળ વિજ્ઞાન પધ્ધતિઓ વિશેની જાણકારી આપવામાં આવી હતી. એકવીફરના વિવિધ પ્રકારો, વિભાગો અને તેમની લાક્ષણિકતાઓ જણાવવામાં આવી હતી. ઉપરાંત વેલ ઈન્વેન્ટરીની વિવિધ પધ્ધતિઓ તથા તેનુ મહત્વ સમજાવવામાં આવ્યુ હતું. ભુગર્ભજળ વ્યવસ્થાપનમાં સહભાગીદારીતાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. તેમજ ભુગર્ભજળ વ્યવસ્થાપન વ્યુહ રચના નકકી કરવા માટે કરવામાં આવતા પ્રાથમિક અવલોકનો અને પૃથ્થકરણો, તેમજ ભુગર્ભજળ વ્યવસ્થાપનમાં લોકભાગીદારીનું મહત્વ તેમજ સામાજીક, તાંત્રિક, કાયદાકીય તેમજ પાણી અને પંચાયતની વિવિધ કલમો વિશે ઉંડાણ પુર્વકની માહિતિ આપવામાં આવી હતી.

**પોતાનું કામ જાતે કરવાની આદત પાડો સ્વાવલંબી બનો.**

## અસર તાલીમ અને સર્વે

પ્રાથમિક શાળામાં અભ્યાસ કરી રહેલા બાળકોના પ્રાથમિક શિક્ષણના સ્તરને તપાસવા માટે પ્રથમ સંસ્થા દ્વારા દર વર્ષે યોજાતા અસર સર્વે માટે તા. ૭ અને ૮ સપ્ટેમ્બર ૧૨ દરમ્યાન તાલીમ રાખવામાં આવી હતી. આ તાલીમમાં ૩૩ તાલીમાર્થીઓ એ ભાગ લીધો હતો. આ તાલીમ ના પહેલા દિવસ દરમ્યાન સર્વે વિશેનું માર્ગદર્શન અને સર્વે સાહિત્ય વિશેની સમજ આપવામાં આવી હતી. અને બીજા દિવસે તાલીમાર્થીઓના ગૃપ બનાવીને નજીકના ગામમાં ફિલ્ડ પાયલોટીંગ કરવામાં આવ્યુ હતુ.



તા. ૯ અને ૧૦ સપ્ટેમ્બર ૧૨ તથા તા.૧૫ અને ૧૬ સપ્ટેમ્બર ૧૨ દરમ્યાન અમરેલી જીલ્લાના ૩૦ ગામની શાળાઓની માહિતી તથા વિદ્યાર્થીઓના ટેસ્ટ તેમના ઘર પર લઈ કુંટુંબની પરીસ્થિતિ અને ગામની પ્રાથમિક માહિતી સાથે સર્વે કરવામાં આવ્યો હતો. આ ૩૦ ગામમાંથી ૬૦૦ ઘરનો સર્વે અને બાળકોનું ટેસ્ટીગ કરવામાં આવ્યું છે. બાળકના ટેસ્ટીગમાં ગુજરાતી, ગણિત અને અંગ્રેજી વિષયની ટેસ્ટ લેવામાં આવી હતી.

**ખોટા પૈસા ન વેડફો ત્રેવડ ત્રીજો ભાઈ છે.**

## ગુટખા અને તમાકુ પર પ્રતિબંધ

ગુજરાત રાજયમાં ગુટખા ઉપર પ્રતિબંધ અને તમાકું નિયંત્રણ અધિનિયમ સંદર્ભે સ્ટેટ ટોબેકો કંટ્રોલ સેલ, ગાંધીનગર દ્વારા પબ્લીક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડયા, નવી દિલ્હીના સહયોગથી કન્સલ્ટેશન મીટીંગનું આયોજન ૨૬/૯/૨૦૧૨ ના રોજ ગાંધીનગર ખાતે થયું હતું. જેમાં સંસ્થાના કાર્યકર્તા ઉપસ્થિત રહયા હતા. જેમાં તમાકુ નિયંત્રણ કાયદા સાથે સંકળાયેલ તમામ વિભાગો જેવા કે સ્વૈચ્છિક સંસ્થાઓ, શિક્ષણ વિભાગ, આરોગ્ય વિભાગ, કાયદા વિભાગ, પોલીસખાતુ વગેરેને આવરી લેવામાં આવ્યાં છે. કાર્યક્રમમાં રાજય તેમજ રાષ્ટ્રકક્ષાના હેલ્થ કમિશ્નર, સેફટી કમિશ્નર, લેગલ કન્સલ્ન્ટન્ટ, મેડિકલ કમિશ્નર વગેરે ઉપસ્થિત રહયા હતા.

આ કાર્યક્રમમાં મુખયત્વે ગુટખા પ્રતિબંધ અને "તમાકુ છોડો" પર વાત કરવામાં આવી હતી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર હેઠળના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના તા ૨૮/૮/૨૦૧૨ ના નોટીફીકેશન નં Fssa/Notification ૨૬૬/A થી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ, ૨૦૦૬ અન્વયે ગુટખા અને પાન મસાલાના ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ ઉપર તા ૧૧/૯/૨૦૧૨ થી પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

આ કાર્યક્રમ સમાજમાં તમાકુનો વપરાશ ઘટાડવાનો અને આ રીતે લોકોને વધુ તંદુરસ્ત જીવન જીવવામાં મદદરૂપ થવાના ઉદેશીને યોજવામાં આવેલ. વૈશ્વિક રૂપે ભારત તમાકુનો બીજા નંબરનો સૌથી મોટો ગ્રાહક અને ત્રીજો સૌથી મોટો ઉત્પાદક છે. ભારતમાં દર વર્ષે ૧૦ લાખ લોકો તમાકુ સંબંધિત રોગોને કારણે મરણ પામે છે. ભારતમાં દર ત્રણ પુખ્ત વ્યકિતએ એક વ્યકિત કોઈને કોઈ સ્વરૂપમાં તમાકુનો વપરાશ કરે છે. જે આરોગ્ય માટે નુકસાનકર્તા છે. Say No to Gutkha & Tobaco, Say Yes to life પ્રોજેકટ અંતર્ગત વપરાશકર્તાઓને ગુટખા અને તમાકું છોડવા માટે પ્રેરિત કરવા તેમજ મદદ કરવા માટે એક સામુદાયિક મોડલ વિકસાવવાનું થાય. સમુદાયમાં તમાકું નિયંત્રણ ના આ મોડલ પરીક્ષણ માટે પ્રવર્તમાન સ્વસહાય જુથના સભ્યો સૌથી યોગ્ય ગણાય.તેવું પણ આ કાર્યક્રમમાં જણાવવામાં આવ્યું હતું. ભારત મોંના કેન્સરમાં મોખરે છે જે તમાકું સેવનના કારણે થાય છે.તેવું જાણવા મળ્યું. ગુટખા અને તમાકુનું સેવન રાષ્ટ્ર માટે વધતી જતી બોજા રૂપ સમસ્યા છે. તમાકું અને ગુટખા વ્યકિતના આરોગ્ય અને પારિવારિક સુખ માટે હાનિકર્તા છે. જો કોઈ વેપારી ગુટકાનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ કે વિતરણ કરે તો તેની સામે પણ કાયદાકીય કાર્યવાહી થઈ શકે છે.

**પૈસા બચાવી એવી વસ્તુ ખરીદો જેની ભવિષ્યમા કિમત વધે.**

## ઓઝોનનું પડ

જમીનથી ૨૫–૩૦ કિલોમીટરની ઊંચાઈએ પૃથ્વીનું વાતાવરણ ઓઝોન વાયુના પડથી ઢંકાયેલુ છે. થોડા કિલોમીટર જાડું આ પડ સમગ્ર પૃથ્વીના ગોળા ઉપર પ્રસરેલુ છે. તેની નીચે તે બધા ત્રવનને સૂર્યનાં ૯૯% અલ્ટ્રવાયલેટ કિરણોની સામે રક્ષણ આપે છે. આ કિરણો પ્રકાશના રંગના જાંબલી ભાગની પેલી પાર હોય છે. આ પડના રક્ષણ વિના અલ્ટ્રાવાયલેટ કિરણો પૂર જોશમાં પૃથ્વીની સપાટી ઉપર પહોંચી જાય છે. વૈજ્ઞાનિકોએ સંશોધન દ્વારા એ શોધ્યું છે કે અલ્ટ્રવાયલેટ કિરણોની વધારે અસરથી પ્રાણીઓ અને માનવોને ચામડીનાં દર્દો અને ચામડી કેન્સરના રોગો થાય છે.

વૈજ્ઞાનીકો માને છે કે પૃથ્વી ઉપરની હવા આપણે જાણીયે છીએ તે મુજબ ગરમી જેવી સમાન ગરમી પૃથ્વી ઉપજાવે છે ગ્રીન હાઉસનાં (કુમળા છોડ ઉછેરવા માટેનું કાચનું ઘર) છાપરા માંથી સૂર્યનાં કિરણો અંદર પ્રવેશે છે. પણ ગયેલી ગરમીને બહાર નીકળતા રોકે છે. આમ, પૃથ્વી ઉપરના ગ્રીન–હાઉસની અસર ધ્રુવપ્રદેશના બરફને પીગળાવી દે છે અને દરેક જગ્યાની હવાને સખત રીતે અસર પહોંચાડે છે ઘણા વૈજ્ઞાનીકો એવુ માને છે કે પૃથ્વી ઉપરનું ત્રવન ઓઝોન પડના બન્યાં પહેલા વિકાસ પામ્યું ન ન હતુ. આજના યુગમાં લોકો નિર્ધારિત જગ્યાએ પહોંચવા માટે ઝડપી વાહનોની માંગ કરે છે. આ માંગને સંતોષવા અવકાશ વાહનનો યુગ શરૂ થયો. એરોપ્લેન્સના કાળા અકીક માંથી છુટતા વાયુમાંથી નાઈટ્રોજનના ઓકસાઈડ, ખાસ કરીને નાઈટ્રિક એસીડ નીકળે છે. જેથી ઓઝોનનાં પડ માટે જોખમ ઊભુ થાય છે.

વાળનાં રંગ અને સુંગધી છંટકાવના પ્રવાહી ભરેલા ડબ્બાઓમાં ફ્લ્યુરો કાર્બન જેવા વાયુઓ ઊંચા દબાણે ભરેલા હોય છે. જયારે ડબ્બા ઉપરનું બટન દબાવાય છે ત્યારે પ્રવાહી અને વાયુંનું જ સંયોજન થાય છે તે મિશ્રણને એરોઝોનલ કહે છે. વૈજ્ઞાનિકોએ એરોઝનલ ડબ્બાઓનાં ઉપયોગ ઉપર પ્રતિબંધ માટે ઝુંબેશ ચલાવી તેમાં મર્યાદિત સફળતા મળી છે.

આગામી દશકાઓમાં માનવત્રવન ની સલામતી માટે વૈજ્ઞાનિકો ચિંતિત છે. સંકુચિત વ્યાપારી હિતો, ઓઝોન વિનાશક રસાયણોનું ઉત્પાદિત વસ્તુઓ ઉપર પ્રતિબંધ માટે વિરોધ કરે છે. લગભગ ૧૫–૨૦ વર્ષ સુધી કેન્સરના કિસ્સાઓ જેવી અસર માલુમ નહિ પડે, પણ નવી ઊગતી પેઢી જયારે પૌઢાવસ્થાએ પહોંચશે ત્યારે તેની અસર વર્તાશે.

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

– ટપક ટીમ

**કોઈ પણ નવું કાર્ય કરવા માટે હું નાનો છું તે વિચાર અયોગ્ય છે.**

**Engage on this month**

| | |
|---|---|
| 5-6 | Agriculture officers training at KVK Kodinar. |
| 7-8 | Volunteers training for ASER survey |
| 9-10 | ASER survey |
| 13 | Ekalnari campaign planning meeting |
| 15-16 | ASER survey |
| 18-24 | Exposure visit at Ludhiyana (Panjab) |
| 26 | State level consultation for tobacco control |

**Happy birthday**

| | | |
|---|---|---|
| 1 | Bhartbhai Vala | 20/09/1985 |
| 2 | Dayaben jadav | 29/09/1991 |
| 3 | Premilaben Pathak | 29/09/1952 |
| 4 | Krupaben Nimavat | 29/09/1985 |
| 5 | Saileshbhai shukal | 30/09/1974 |
| 6 | Nidhiben bhuptani | 30/09/1984 |
| 7 | Trupesh Vaghasiya | 05/10/1990 |
| 8 | Dharmendr Maheta | 09/10/1970 |
| 9 | Manojbhai Agravat | 13/10/1981 |
| 10 | Vipul Agravat | 13/10/1981 |
| 11 | Nileshbhai Gavit | 19/10/1974 |
| 12 | Bhikhubhai Ram | 22/10/1989 |
| 13 | Vipul Maheta | 23/10/1979 |
| 14 | Hina Patel | 30/10/1987 |
| 15 | Ranjan Radadiya | 12/10/1982 |
| 16 | Pratap Chavda | 12/10/1978 |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMR-91/RNP/2012**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**ખોટા શોખ ઘણીવાર શોકમાં ફેરવાઈ જાય છે.**